જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૯/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૧/૧૫**

### સાણંદ ચોકડી ખાતેથી ગેરકાયદેસર પીસ્ટલ તથા જીવતા કારતુસ – ૩ સાથે એક વ્યક્તિની ધરપકડ કરતી ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરમાં બનેલ ફાયરીંગના બનાવોમાં ગેર કાયદેસર હથિયારોનો ઉપયોગ થતો હોય જેથી આવા ગુનાઓમાં વપરાતા હથીયારો શોધી કાઢવા તથા આવા પ્રકારના ગેરકાયદેસર હથીયારોની હેરાફેરીના કેસો શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા.૧૧/૯/૨૦૧૫ ના રોજ પો.ઈન્સ.શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ નટવરસિંહ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે એસ.જી.હાઈવે સાણંદ ચાર રસ્તા પાસેથી આરોપી જીતુભાઈ મનસુખભાઈ સુથાર ઉ.વ.૫૮ રહે. નવોવાસ ચોરાવાળા વાસની સામે સાણંદ તા.સાણંદ જિઅમદાવાદ નાની પાસેથી એક દેશી હાથ બનાવટની પીસ્ટલ -૧ કિ.રૂ. ૧૦,૦૦૦/- તથા જીવતા કારતુસ નંગ-૩ કિ.રૂ. ૩૦૦/- ના મળી કુલ્લે રૂ.૧૦,૩૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી આરોપી વિરુધ્ધમાં ડી.સી.બી. પો.સ્ટે. ખાતે આર્મ્સ એકટ કલમ :૨૫(૧) બી.એ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે આરોપીની પુછપરછ કરતાં આ હથીયાર આઠેક મહિનાથી પોતાના કબ્જામાં હોવાનુ જણાવેલ જે અંગેની આગળની તપાસ પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓ ચલાવી રહેલ છે.

ઉપરોકત આરોપી જીતુભાઈ મનસુખભાઈ સુથાર નાઓ અગાઉ ૧૯૮૮ ની સાલમાં ચંદા રાણા ના મર્ડરમાં સાણંદ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ અને સને ૧૯૯૦ ની સાલમાં ચંદા રાણા ના પિતા રણછોડભાઈ નુ સાણંદ ટપાલ ચોકમાં મર્ડર કરેલુ. જે કેસ ચાલી જતાં આજીવન સજા થયેલી. જે સને ૨૦૦૪-૦૫ માં સજા પુરી થતાં જેલમાંથી મુકત થયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)